# આઈનોક્સ વિન્ડ લિ.નો આઈપીઓ તા.૧૮મીએ ખુલશે

અમદાવાદ તા.૧૩

ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ દ્વારા પ્રમોટ કરાયેલી આઈનોક્સ વિન્ડ લિ. (કંપની) ૧૮ માર્ચ ૨૦૧૫ને બુધવારના રોજ રૂ.૭,૦૦૦ મિલિયન (ફ્રેશ ઈશ્યૂ)નું પ્રતિનિધિત્વ કરતા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ તથા ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ (સેલિંગ શેરહોલ્ડર) (ઓફર ફોર સેલ) દ્વારા ૧૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ વડે બનેલો ઈક્વિટી શેર દીઠ (શેર પ્રીમિયમ સહિત) ભાવ મૂજબ, રોકડમાં શેરદીઠ રૂ. ૧૦ની મૂળકિંમતના ઈક્વિટી શેરનો પબ્લિક ઈશ્યૂનો પ્રારંભ કરશે. ફ્રેશ ઈશ્યૂ તથા ઓફર ફોર સેલને સાગમટે ઈશ્યૂ તરીકે ઉલ્લેખ કરાય છે. આ ઈશ્યૂમાં સ્પર્ધાત્મક ધોરણે (એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન) પાત્રતા ધરાવતા કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે અનામત રખાયેલા ૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. કર્મચારીઓ માટે અનામત રખાયેલા હિસ્સાને બાદ કરવામાં આવતા બાકીનો ઈશ્યૂનો અહી નેટ ઈશ્યૂ તરીકે ઉલ્લેખ કરાયો છે.

ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૧૫ થી રૂ. ૩૨૫ સુધીનો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ બિડ/ઈશ્યૂ ૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ બંધ થાય છે. બિડીંગ માટેનો લઘુત્તમ લોટ ૪૫ ઈક્વિટી શેરનો છે અને ત્યારબાદ તે ૪૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં છે.

ગ્લોબલ કો-ઓર્ડિનેટર્સ તથા બુક રનીંગ લીડ મેનેજર્સ (જીસી-બીઆરએલએમએસ) તથા બુક રનીંગ લીડ મેનેજર (બીઆરએલએમ) (એક સાથે મેનેજર્સ તરીકે ઉલ્લેખ કરાયો છે) સાથેના પરામર્શ દ્વારા કંપની તેમજ સેલિંગ શેરહોલ્ડરે પાત્રતા ધરાવતા કર્મચારીઓ (એમ્પ્લોઈ ડિસ્કાઉન્ટ) અને રિટેલ રોકાણકારો (રિટેલ ડિસ્કાઉન્ટ)ને ઈશ્યૂ પ્રાઈસ પર રૂ. ૧૫નું ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય કર્યો છે.